II Shree Ganeshay Namah II

# SATYAM INFRA

GSTIN : 24AEPFS3913P1ZE

Building Developer

T.P. : 26, S.Y. No. : 131, F.P. No. : 96/A, Sub Plot : 2, Sky Bell, Singanpore, Katargam, Surat - 395004 | +91 98256 52951

-: <u>એલોટમેન્ટ લેટર</u> :-

(૧) **પ્રમોટરનું નામ** : **સત્યમ ઇન્ફ્રા - એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી** વતી અને તરફે તેના અધિકૃત અને વહીવટકર્તા ભાગીદાર તરીકે
**મનસુખભાઇ બાબુભાઇ જાદવાણી,**
ઉ.આ.વ.:- ૪૮, જાતનાં:- હિન્દુ, ધંધો:- ખેતી તથા વેપાર,
ઠેકાણુ:- રેવન્યુ સર્વે નંબર ૧૩૧, ટી.પી. નંબર ૨૬ (સીગણપોર), રેવન્યુ સર્વે નંબર ૧૩૧,એફ.પી. નંબર ૯૬, સબ-પ્લોટ નં. ૨, સ્કાયબેલ, સિલ્લવર સ્ટોન હોમ્સ ની બાજુમાં, કોઝવે ડભોલી બ્રીજ લીક રોડ, સીગણપોર, કતારગામ, સુરત

(૨) **સાઇટનું નામ** : **સ્કાયબેલ**

(૩) **સરનામું** : ઠેકાણુ:- રેવન્યુ સર્વે નંબર ૧૩૧, ટી.પી. નંબર ૨૬ (સીગણપોર), રેવન્યુ સર્વે નંબર ૧૩૧,એફ.પી. નંબર ૯૬, સબ-પ્લોટ નં. ૨, સ્કાયબેલ, સિલ્લવર સ્ટોન હોમ્સ ની બાજુમાં, કોઝવે ડભોલી બ્રીજ લીક રોડ, સીગણપોર, કતારગામ, સુરત

(૪) **લેનારનું નામ** : (Pan No. :- )
ઉ.આ.વ.:- , જાતનાં:- , ધંધો:- ,
ઠેકાણુ:-

(૫) **મિલકતની વિગત** : **ફ્લેટ નંબર** ________

(૬) **ચતુર્દિશા** : **પૂર્વ** : ________________
**પશ્ચિમ** : ________________
**ઉત્તર** : ________________
**દક્ષિણ** : ________________

(૭) **વેચાણ કિંમત** : **₹.** ............ **/-**

(૮) પ્રમોટરે સદરહુ યોજનાની રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઇ હેઠળ સત્તાધિકારી પાસેથી **રજીસ્ટ્રેશન નંબર** ____________, થી **તારીખ** ____________, ના રોજ નોંધણી કરાવેલ છે.

**<u>દરેક એલોટીએ નીચેની વિગતો તપાસી સહિ કરી આપવી</u>**

(૧) તમામ નળ તથા પાણી કનેકશન, ગટર લાઇન, પાઇપ ફીટીગ, ઇલેક્ટ્રીક ફીટીગ, ટાઇલ્સ+ફલોરીગ

FOR, SATYAM INFRA
[signature]
PARTNER

ફીટીગ, બારી દરવાજા, લાપી વિગેરે તમામ કામ-કવોલીટી મિલકત ધારકે જાતે તપાસી લેવાની રહેશે.

**(૨)** તમામ કોમન સુવિધા જેવી કે લીફટ, સી.ઓ.પી., કોમન પાર્કિંગ, કોમન એરીયા માટે કેમેરા, કોમન ટેરેસ, રીસેપ્શન એરીયા, સીક્યુરીટી કેબીન, કોમન મીટરો, ફાયર સેફટીના સાધનો, બિલ્ડીગ આઉટલેટ કલર એલીવેશન, ચીલ્ડ્રન પ્લે એરીયા, કોમન લાઇટ ફીટીગ, સબમર્સીબલ પંપ, પાણીના ટાંકા, કંમ્પાઉન્ડ વોલ વિગેરે તમામ કામ-કવોલીટી મિલકત ધારકે જાતે તપાસી લેવાની રહેશે.

**(૩)** સદરહુ તમો એલોટીને ફાળવવામાં આવેલ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે, તે બિલ્ડીગના એલીવેશનમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવા કરાવવાનો રહેશે નહી.

**(૪)** સદરહુ મિલકતની ફાળવણી કરતી વખતે એલોટી તરફથી **₹. ________ /- અંકે રૂપિયા ________ પૂરાં** (કુલ કિંમતના ૧૦% થી વધુ નહી) ડેવલોપર્સને ચુકવી આપવાના રહેશે. ડેવલોપર્સએ એલોટી પાસેથી લેવાની થતી તમામ કાયદેસરની રકમમાંથી સૌપ્રથમ કઇ રકમ જમા કરવી અને તે કયા હેડ ખાતે જમા લેવી તે અંગેની સંપુર્ણ સત્તા એલોટી દ્વારા ડેવલોપર્સને આપવામાં આવે છે અને ડેવલોપર્સના આવા એડજસ્ટમેન્ટમાં એલોટીએ કોઇ વાંધો તકરાર લેવાનો નથી.

૧. આ કરાર કરતી વખતે કુલ અવેજના ૩૦% કરતા વધુ રકમ લેવામાં આવશે નહી.

૨. એકમના પ્લીન્થના બાંધકામ પુર્ણ થયેથી કુલ કિંમતના એકંદરે ૪૫ % થી વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે.

૩. એકમના બાંધકામના તમામ સ્લેબ પુર્ણ થયેથી કુલ કિંમતના ૭૦ % થી વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે. એક કરતા વધુ સ્લેબ હોય ત્યારે દરેક સ્લેબ ભરવામાં આવેથી પ્રમાણસરના ધોરણે માંગણી કરવામાં આવશે.

૪. એકમના બાંધકામમા દિવાલ, અંદરનું પ્લાસ્ટર, ફલોરીગ, બારી દરવાજા વગેરે કામ પુર્ણ થાય ત્યારે કુલ કિંમતના ૭૫ % થી વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે.

૫. એકમના બાંધકામમા સેનેટરી ફીટીગ્સ, દાદર વગેરેનું બાંધકામ થયેથી કુલ કિંમતના ૮૦ % કરતા વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે.

૬. એકમના બાંધકામમા બહારનું પ્લમ્બીગ, બહારનું પ્લાસ્ટર, ટેરેસનું વોટર પ્રુફીગ વગેરે પુર્ણ થયેથી કુલ કિંમતના ૮૫% કરતા વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે.

૭. એકમમા ઇલેકટ્રીક ફીટીગ્સ, વોટર પંપ, એન્ટરન્સ વરંડા, પ્લીન્થ પ્રોટેકશન પેવીગ વગેરેની સુવિધા પુર્ણ થયેથી કુલ કિંમતના ૯૫% કરતા વધુ નહી તેવી રકમની માંગણી કરવામાં આવશે.

૮. બાકીની રકમ એકમનો શાંત અને પ્રત્યક્ષ કબજો પુર્ણતા પ્રમાણપત્ર મેળવી પહેલા

FOR, SATYAM INFRA

PARTNER

પક્ષનાને સોંપવામાં આવે ત્યારે પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને આપવાની રહેશે..

(૫) ઉપર જણાવેલ કિંમતમાં મ્યુનિસિપલ વેરાઓ, જીએસટી, સેસ, આઇ.સી. ના નાણાં, બેટરમેન્ટ ચાર્જીસ તથા ડ્રેનેજ ચાર્જીસ, પાણી કનેકશન ચાર્જીસ, ડોકયુમેન્ટ ચાર્જીસ, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટેશન ફી, વકીલ ફી, લીગલ ફાઇલ ચાર્જ, સોસાયટી ફોર્મેશન ચાર્જ, સોસાયટી ઇન્ફ્રાસ્ટ્રકચર ચાર્જીસ, ઇલેકટ્રીક કનેકશનના તમામ ચાર્જીસ જેવા કે કવોટેશન, ટ્રાન્સફોર્મર, કેબલ તથા ઇલેકટ્રીકટ કોન્ટ્રાકટર વિગેરેના ચાર્જીસ તથા અન્ય વેરાઓ વિગેરેનો સમાવેશ થયેલ નથી. જેથી તેવા તમામ વેરાઓ તથા ચાર્જીસ તથા ઉપર જણાવેલ તમામ ખર્ચાઓ એલોટીએ પ્રમોટરને અલગથી વેચાણ દસ્તાવેજ કરાવતા પહેલા ચુકવવાના રહેશે. તેમજ આવા તમામ ચાર્જીસ, ખર્ચ વિગેરે પ્રર્વતમાન સમય અને સ્થિતિ મુજબ જે હોય તે મુજબ ચુકવવાના રહેશે.

(૬) મિલકત ધારકે પોતાનો સામાન ફેરવણી, ફર્નિચર વિગેરે કોઇપણ કામ કરવાથી કોમન સુવિધાઓમાં નુકશાની થશે, તો તેની જવાબદારી નુકશાન કરનારની રહેશે તથા તેનું સંપૂર્ણ રીપેરીગ તાત્કાલીક કરી આપવાનું રહેશે. સદરહુ પ્રોજેકટમાં આવેલ લીફટમાં કોઇપણ પ્રકારનો સામાન ફેરવવાનો રહેશે નહિ.

(૭) ડેવલોપર્સ તરફથી કબજો મેળવવાની લેખિત નોટીસ મળ્યાના ૧૫ દિવસની સમયમર્યાદામાં એલોટીએ ડેવલોપર્સ કનેથી મિલકતનો કબજો મેળવી લેવાનો રહેશે.

(૮) એલોટીએ વેચાણ રાખેલ કે તેના કોઇપણ ભાગના ઉપયોગ દસ્તાવેજ કરાવ્યા બાદ માત્ર રહેણાંકના હેતુ માટે કરવાનો રહેશે, તે સિવાય વાણિજયના કે અન્ય કોઇ હેતુ માટે સદરહુ મિલકતનો ઉપયોગ કરવાનો રહેશે નહિ. સદર પ્રોજેકટમાં ઓપન પ્રાર્કિંગની સુવિધા આપવામાં આવશે.

(૯) ડેવલોપર્સએ **સ્કાયબેલ** ના અન્ય સભ્યો સાથે મળીને એક સોસાયટીની રચના કરવાની રહેશે અને તે ડેવલોપર્સ જે કહે તે નામથી તેની નોંધણી કરાવવાની રહેશે. ડેવલોપર્સ દ્રારા સુચિત મંડળીની નોંધણી કરવાની કાર્યવાહી કરવા માટે જરૂરી એવા કાગળો તૈયાર કરવાના રહેશે અને એલોટીએ મંડળીમાં સભાસદ થવા માટેની અરજી પત્રક તથા પેટા-નિયમો વિગેરેમાં સહી સિક્કા કરીને ૭ દિવસની અંદર ડેવલોપર્સને પરત આપવાના રહેશે તથા સમયાતંરે મેમ્બરશીપ માટેની અરજી આપવાની રહેશે.

(૧૦) નક્કી કરેલ સમય મર્યાદામાં અવેજની રકમની ચુકવણી કરવામાં તમો એલોટી કસુર કરો, તો વધુ સમયમર્યાદા આપવા યા તો એલોટ કરેલ મિલકતનું અલોટમેન્ટ તથા થયેલ કરાર રદ કરવાના તમામ હક્કો ડેવલોપર્સ પાસે રહેશે, તે બાબતે ડેવલોપર્સ જે નિર્ણય લેશે તે એલોટીએ માન્ય રાખવાનો રહેશે. અને જો વધુ સમય મર્યાદા આપવામાં આવે તો જેટલી રકમ લેઇટ ચુકવવામાં આવેલ હોય તેના પર ૮% લેખે વ્યાજ સહીતની તેવી રકમ એલોટીએ ચુકવવાની રહેશે.

(૧૧) સાટાખતના કરાર, વેચાણ દસ્તાવેજના લેખો અંગેનો સ્ટેમ્પ ડયુટી, ખર્ચ, રજીસ્ટ્રેશન ફી ખર્ચ, વકીલ ફી, લખાઇ ફી, ડ્રાફટીગ ફી, જી.એસ.ટી. ખર્ચ, જેવા લીગલ ખર્ચ તમો એલોટીએ ભોગવવાના રહેશે.

(૧૨) કોઇપણ પ્રંસગે સદર મિલકત અંગેનો વેચાણ વ્યવહાર રદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તેવા સમયે

FOR, SATYAM INFRA

PARTNER

તે બાબતે સાટાખત રદ કરવાનું થાય તો તે અંગેના સંપુર્ણ લીગલ ખર્ચની જવાબદારી તમો અલોટીની રહેશે, તેમજ તમો એલોટીએ મિલકતના અવેજ પેટે જે કાંઇ નાણાં જમા કરેલ હશે, તે મિલકતનું હમો ડેવલોપર્સ અન્યને વેચાણ કરી તમોને પરત આપવાના રહેશે.

**(૧૩)** આ એલોટમેન્ટ લેટર સાથે મિલકત તથા પ્રોજેકટ વાળી જમીનને લગતા ટાઇટલ સંબંધીત દસ્તાવેજી પુરાવાઓ, તેમજ રેરા રજીસ્ટ્રેશન અંગેના જરૂરી તમામ પુરાવાઓ તમો અલોટીને સુપ્રત કરવામાં આવેલ છે અને જે તમો અલોટીએ જોઇ તપાસી મેળવી લીધેલ છે.

**(૧૪)** તમોને એલોટ કરેલ મિલકત બાબતેના સાટાખત તથા વેચાણ દસ્તાવેજ અંગેના ફોરમેટ યાને કે ડ્રાફટીગ અંગેની એક નકલ સુપ્રત કરેલ છે, અને જેમાં દર્શાવિલ શરતો નિતિ નિયમોનું તમો એલોટીએ હર હંમેશ માટે પાલન કરવાનું રહેશે.

**(૧૫)** સદરહુ મિલકતમાં લગાડવાની થતી ગ્રીલ એલોટીએ પોતાના સ્વ-ખર્ચે લગાડવાની / બનાવવાની રહેશે. પરંતુ તે અંગેની યાને કે ગ્રીલની ડીઝાઇન પ્રમોટર દ્વારા આપવામાં આવેલ છે તે મુજબ લગાડવાની / બનાવવાની રહેશે.

**(૧૬)** વેચાણ દસ્તાવેજ બાદ યોજનામાં આવેલ સહીયારી સુવિધાઓનો ઉપયોગ/ઉપભોગ તમામ મિલકત ધારકો / ફલેટ હોલ્ડરોએ સમજી-વિચારીને કરવાનો રહેશે. પ્રમોટર સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ એલોટીને કરી આપે, ત્યારથી સદરહુ પ્રોજકટ / સદરહુ મિલકતનાં તમામ પ્રકારનાં કરવેરા, જમીન મહેસુલ, લીઝ, મેઇન્ટેનન્સ ખર્ચ, લીફ્ટ મેઇન્ટેનન્સ ખર્ચ, ફાયર સેફ્ટી મેઇન્ટેનન્સ ખર્ચ, વોચમેન પગાર, સફાઇ કામદાર પગાર, કોમન વપરાશ માટેનો ઇલેકટ્રીક ચાર્જીસ, પાણી તથા ડ્રેનેજ લાઇન વિગેરેની તમામ જવાબદારી એસોસીએશનની  કે ફલેટ હોલ્ડરોની રહેશે. અમો પ્રમોટરની માલિકીની યાને વેચાણ ન થયેલ મિલકત અંગેનાં મેઇન્ટેનન્સ ખર્ચની રકમ જયાં સુધી તેનું વેચાણ ન થાય ત્યાં સુધી અમારી કનેથી વસુલ કરવાની નથી, જે અંગે એલોટી / એસોસીએશન / વખતો વખતના વહીવટદારોએ બાંહેધરી આપેલ છે. આમ, મજકુર યોજનામાં વેચાણ ન થયેલ મિલકતનો ખાલી કબજો અમો પ્રમોટરની કને હોઇ એલોટી / એસોસીએશન / વખતો વખતના વહીવટદારાને અમારી કનેથી ઉપર જણાવેલ કોઇપણ પ્રકારનો ખર્ચ માંગવાનો અધિકાર રહેશે નહી. જેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(૧૭)** સદરહુ મિલકતની વેચાણ કિંમતમાં કોઇપણ પ્રકારનો ફેરફાર યાને કે વધારો કે ઘટાડો થઇ શકશે નહિ. જેની અલોટીને પ્રમોટર દ્વારા ખાસ જાણ કરવામાં આવેલ છે. અને એલોટીએ તેનો સ્વીકાર કરેલ છે સહી.

**(૧૮)** મિલકત ધારકે **સ્કાયબેલ** નામથી **એ, બી** એમ કુલ બે બિલ્ડીગનું આયોજન કરવામાં આવેલ જે પૈકી **બિલ્ડીગ નંબર** ........ ના ........ **માળે** આવેલ **ફલેટ નંબર** ........ વાળી મિલકત, જેનું રેરા મુજબનું **કારપેટ** ક્ષેત્રફળ ........ **ચો.મીટર** તથા **બિલ્ટઅપ** ક્ષેત્રફળ ........ **ચો.મીટર** છે. મજકુર બિલ્ટઅપ ક્ષેત્રફળમાં વોશ એરીયાનું ક્ષેત્રફળ ........ **ચો.મીટર** નો સમાવેશ થાય છે. મજકુર મિલકત તેને લાગુ તળની જમીનમાં ફાળે પડતા વણ-વહેંચાયેલ હિસ્સા સહીત તથા અન્ય તમામ રાસુકા વપરાશનાં હક્કો સહિત કુલ્લે દરોબસ્ત.તે મિલકત માટે અરજી કરેલ છે.

FOR, SATYAM INFRA

PARTNER

SATYAM INFRA

GSTIN : 24AEPFS3913P1ZE

Building Developer

T.P. : 26, S.Y. No. : 131, F.P. No. : 96/A, Sub Plot : 2, Sky Bell, Singanpore, Katargam, Surat - 395004 +91 98256 52951

**(૧૯)** એલોટીએ આ કરાર સહી કરતા પહેલાં / કરતી વખતે **₹.** ________________ **/-** અંકે રૂપિયા ________________________________________ પુરા (૧૦% કરતા વધારે નહિ) એડવાન્સ તરીકે રકમ ચૂકવી આપ્યા બાદ સાટાખત બનાવી આપવાનો રહેશે.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (કતારગામ), શહેર સુરત, **મોજે ગામ સીંગણપોર** ના રેવન્યુ સર્વે / બ્લોક નંબર ૧૩૧, થી નોંધાયેલી રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૨૧-૪૧ આરે. ચો.મીટર, જેનો આકાર **₹.** ૨૮.૫૬ પૈસા વાળી બીનખેતી, જમીન, જેને **ટી.પી.સ્કીમ નંબર ૨૬ (સીંગણપોર)** લાગુ પડતા ઓરીજીનલ પ્લોટ નંબર ૬૩, **ફાયનલ પ્લોટ નંબર ૯૬** ફાળવવામાં આવેલ, અને ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૯૨૪૦ ચો.મીટર આપવામાં આવેલ. જે ફાઇનલ પ્લોટ પૈકી પ્રશ્ચિમ દિશા તરફની ૬૫૧૨.૫૪ ચો.મીટર (રેવન્યુ રેકર્ડ પૈકી ૮૫૫૭.૩૫ ચો.મીટર), વાળી બીનખેતી જમીન પૈકી પુર્વ દિશા તરફની **સબ-પ્લોટ નં. ૨ વાળી ૩૨૫૬.૨૭ ચો.મીટર (રેવન્યુ રેકર્ડ પૈકી ૪૨૭૮.૬૬ ચો.મીટર)** વાળી બીનખેતીની જમીનમાં બાંધકામ કરવા માટેના પ્લાન સુરત મહાનગરપાલિકા સમક્ષ રજુ કરવામાં આવેલાં. જેનાં અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા તરફથી **રજાચિઠ્ઠી નંબર** T.D.O. / DP / No.: ૨૫૧ થી તારીખ ૩૦/૦૩/૨૦૨૨ નાં રોજ પ્લાન મંજુર કરીને વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. મજકુર મંજુર થયેલ પ્લાન મુજબ દર્શાવેલ મિલકત એલોટીએ વેચાણ દસ્તાવેજથી ઉપરોકત દર્શાવેલ કિંમતે લીધેલ છે.

સદરહુ ઉપરોકત મિલકત **સત્યમ ઇન્ફ્રા - એક રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી** પાસેથી એલોટીએ વેચાણ રાખેલ છે. સદરહુ મિલકત અંગે કબજો સંભાળતી વખતે એલોટીએ સંપૂણપણે તપાસ કરેલ છે. જેમ કે મિલકતનું ક્ષેત્રફળ, પ્લાસ્ટર, વોશ એરીયા, વિજ જોડાણ, કોમન લાઇટ ફીટીગ, ગટર તથા પાણી કનેકશન, નળ ફીટીગ, પાણીનાં નિકાલની લાઇન, લીફટ, દાદર, બારી દરવાજા વિગેરે તેમજ એલોટીએ વેચાણ રાખેલ મિલકત અંગે કે **સ્કાયબેલ** હેઠળ આવેલ સંયુકત સુવિધાઓમાં ઓવરહેડ/અંડરગ્રાઉન્ડ ટેંક, કોમન ઇલેકટ્રીક લાઇન વિગેરે અમો એલોટીએ તપાસીને તેનો સ્વીકાર કરવાનો રહેશે. અને આવા કોઇપણ કામ અંગે કોઇપણ પ્રકારનો વાંધો વિરોધ રહેશે નહી, કે તે અંગે હવે પછી એલોટીએ પોતે તેમજ **સ્કાયબેલ** નાં અન્ય મિલકતધારકો સાથે હળી મળીને કોઇપણ પ્રકારનો વાંધો ઉઠાવવાનો નથી કે ભવિષ્યમાં કોઇપણ કોર્ટમાં દાવો-કેસ વિગેરે કરવાનાં નથી. સદરહુ મિલકત અંગે વિજળી કનેકશન, હાઉસ ટેક્ષ, ગેસ કનેકશન વિગેરેમાં વેચાણ દસ્તાવેજથી થયેથી ૪૫ દિવસમાં એલોટીએ પોતાનું નામ દાખલ કરાવી લેવાનું રહેશે. તેમ છતાં એલોટીનાં નામે ન થાય તો પઝેશન / વેચાણ દસ્તાવેજ થયે તારીખથી તમામ જવાબદારી એલોટીની રહેશે.

ઉપરની વિગતે આ એલોટમેન્ટ લેટર અમો એલોટીએ અમારી સંપુર્ણ રાજીખુશીથી તથા અકકલ, હોશિયારીથી, તન-મનની સ્વસ્થ, સાવધ અને બીન કેફી અવસ્થામાં, કોઇના કોઇપણ પ્રકારના દાબ, દબાણ, ધાક, ધમકી કે શેહ શરમમાં આવ્યાં વિના, વાંચી, વંચાવી, સાભળી, વિચારી, સમજી લઇને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો ને તથા અમારા વંશ, વાલી, વારસો, સકસેસર્સ, એકિઝકયુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઇનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદી તમામને એકામતે અને એકાજુથે કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

FOR, SATYAM INFRA

[signature]

PARTNER

II Shree Ganeshay Namah II

# SATYAM INFRA

GSTIN : 24AEPFS3913P1ZE

Building Developer

T.P. : 26, S.Y. No. : 131, F.P. No. : 96/A, Sub Plot : 2, Sky Bell, Singanpore, Katargam, Surat - 395004

+91 98256 52951

સ્થળ: સુરત
તારીખ:

એલોટીની સહિ:- ____________________

FOR, SATYAM INFRA

PARTNER